જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૮/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૬૫૨/૧૭**

### સરદારનગર પોલીસ સ્ટેશન :

**(૧)**

## પ્રેસ નોટ

### (જુગાર નો ગણનાપાત્ર કેસ)

આજરોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અ'વાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડિવીઝન નાઓ તથા પો.ઇન્સ. એચ.બી.ઝાલા સરદારનગર પો.સ્ટે. નાઓની સુચનાથી સ્ટાફના પોસઇ કે.એમ.ચૌધરી તથા હેકો. હસમુખભાઇ કેશવલાલ બનં-૯૨૪૯ તથા હેકો. ભરતભાઇ મોહનભાઇ બનં-૯૮૭૮ તથા પોકો. દર્શનસિંહ પ્રવીણસિંહ બનં-૧૬૬૫ તથા પોકો. સંદિપસિંહ કોદરસિંહ બનં-૩૫૦૩ તથા પોકો. પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બનં-૨૦૮૯ તથા પોકો. રજનીકાંત ડાહ્યાભાઇ બનં-૫૧૨૧ તથા પોકો. શકિતસિંહ લાલુભા તથા પોકો. ભરતભાઇ હરચંદભાઇ બનં-૮૪૫૭ નાઓ સાથે કુબેરનગર પો.ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૯/૪૦ વાગે માયા સિનેમા રોડ ટર્નિંગ પાસે આવતા ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે મનં-બી/૧૦૨ નિલકંઠ એપાર્ટમેન્ટની અંદર બંધ મકાનમાં કેટલાક ઇસમો પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની જુગાર રમવાની પ્રવુતિ ચાલુ છે વિગેરે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેડ કરી મળી આવેથી કાયદેસર કરવાનુ હોય અમોએ તુર્તજ રસ્તે જતા બે પંચોના માણસો બોલાવી પંચોને ઉપરોક્ત હકીકતથી વાકેફ કરી અમારી પાસેના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જુગારધારા કલમ ૬ મુજબના વોરંટ નં-૩૫૫/૨૦૧૭ ના વોરંટની પંચોને સમજ કરતા પંચોએ પંચમાં રહેવા સ્વખુશી બતાવતા પંચોને વોરંટનો સાર સમજાવી વોરંટમાં સહીઓ મેળવી સદરી હકિકતવાળી જગ્યાએ રેડ કરતા જુગાર રમતા **રાજેશભાઇ પ્રતાપભાઇ એલસિંગાની ઉવ.૩૯ રહે, બી/૧૦૨ નિલકંઠ એપાર્ટમેન્ટ આઇ.ટી.આઇ. રોડ કુબેરનગર સરદારનગર અ'વાદ શહેર+૮=૯** નાઓને જુગાર રમતા રોકી પકડી લઇ **દાવના નાંણા રૂ.૧૧,૨૦૦/- તથા અંગઝડતીના નાંણા રૂ.૨૪,૨૩૦/- તથા મો.ફોન નંગ-૯ કિ.રૂ.૨૬,૭૦૦/- તથા ગંજીપાના નંગ-૧૦૧ કિ.રૂ.૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬૨,૧૩૦/-** ની મત્તા સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય આમ સરદારનગર પો.સ્ટે. ના માણસો દ્વારા પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## પ્રેસ નોટ

### (પ્રોહીબીશનના ગણના પાત્ર કેસ)

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સ્ટાફના પો.સ.ઇ કે.એમ.ચૌધરી તથા પો.કો.ક્રિપાલસિંહ અનવરસિંહ બ.ન.૮૮૨૧ તથા પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.ન.૫૧૧૯ તથા પો.કો.સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ તથા પો.કો.શક્તિસિંહ લાલુભા બ.ન.૩૧૨૯ તથા પો.કો.કપિલકુમાર કાંતિભાઇ બ.ન.૯૮૯૮ તથા પો.કો.ભરતભાઇ ગાંડુભાઇ બ.ન.૧૦૧૭૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે નાઓની સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કુબેરનગર રેલ્વે ક્રોસિંગ આવતા પો.કો.ક્રિપાલસિંહ અનવરસિંહ ને બાતમી હકીકત મળેલ કે છારાનગર ફ્રી કોલોની રહેતી બાઇ નામે ગજરીબેન છારા નાની પોતાના ઘરે પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ સારુ લાવી રાખી મુકેલ છે જે આધારે બે પચોના માણસો સાથે રેડ કરતા સદરી બાઇના રહેણાંક મકાનમાંથી **<u>પરપ્રાંત ઇંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાંડની બોટલ તથા બીયરના ટીન નંગ મળી કુલ્લે ૨૨૮ નંગ જેની કુલ્લે કી.રૂ.33,000/-</u>** ના મતાનો મુદ્દામાલ મળી આવેલ જેથી રેઈડ દરમ્યાન હાજર નહિ મળી આવેલ બાઇ ગજરીબેન વિપુલભાઇ ઇન્દ્રેકર રહે.ફ્રી કોલોની છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર વિરૂધ્ધમા પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધવામા આવેલ છે.આમ, સરદારનગર પોલીસ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામા આવેલ છે. તા.૧૫/૮/૨૦૧૭

## <u>સાબરમતી પોલીસ સ્ટેશન :</u>

## પ્રેસનોટ

### સાબરમતી વિસ્તારમાંથી જુગાર રમી રમાડતા કુલ પાચ ઇસમોને કુલ્લે રૂપિયા ૭૮,૫૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી સાબરમતી પોલીસ

મેં પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ના.પો.કમિ શ્રી ઝોન-૨ તથા એ.સી.પી શ્રી એલ ડીવીઝનનાઓ સાહેબનની જન્માષ્ઠમીના તહેવાર અનુસંધાને આપેલ સુચના આધારે આજરોજ અમોને હકીકત મળેલ કે સાબરમતી ન્યુ રેલ્વે કોલોની ડીઝલ સેડની સામે મકાન નંબર 285/એ ના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં કેટલાક માણસો ગોળ કુંડાળુવળી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની પ્રવૃતી ચાલુ છે જે હકીકત આધારે હે.કો અરવિંદકુમાર માનાભાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યા જઇ રેડ કરતા જુગાર રમતા કુલ્લે પાચ ઇસમોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના રોકડ નાણા તથા ગંજીપાના તથા મોબાઇલ ફોન તથા એક એક્ટીવા તથા એક મોટર સાયકલ મળી કુલ્લે રૂપિયા ૭૮,૫૦૦/-નો મુદ્દામાલ કબજે કરી તમામ ઇસમો વિરૂધ્ધ સાબરમતી પોલીસ .સ્ટેશન સેકન્ડ ગુના રજી નં -૩૧૫૭/૨૦૧૭ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરેલ છે અને આગળની તપાસ જારી છે તા- ૧૫/૮/૧૭

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

## પ્રેસનોટ

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી પ્રોહી જુગારની બદી નેસ્તોનાબુદ કરવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે.દરમ્યાન સર્વેલન્સ સ્કોડના એલ.આર જયેશ વીશાભાઈ બ.નં ૨૩૦૩ નાઓની બાતમી હકીકત આધારે સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા દ્વારા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર બી.જે.સરવૈયા સાહેબની માર્ગદર્શન તળે રેઈડ કરતા (૧) વિક્રમસિંહ ભરતસિંહ રાઠોડ ઉ.વ-૨૫ રહે- નિલેશભાઈ ગજ્જરના મકાનમાં,કોઠીવાળુ ફળીયુ,વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ (૨) કરણસિંહ નારૂસિંહ રાઠોડ ઉ.વ-૪૫ રહે- કોઠીવાળુ ફળીયુ,વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ (૩) હિતેન્દ્રસિંહ ચેહુભાઈ રાઠોડ ઉ.વ-૨૪ રહે- કોઠીવાળુ ફળીયુ,વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ (૪) નારણભાઈ મેલાભાઈ ઠાકોર ઉ.વ-૪૦ રહે- કોઠીવાળુ ફળીયુ,વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ (૫) જગદીશભાઈ શનાભાઈ રાવળ ઉ.વ-૩૬ રહે- રાવળવાસ, વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ (૬) મિનેશ સામંતસિંહ રાઠોડ ઉ.વ-૪૨ રહે- હઠીસિંહનો મહોલ્લો, વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ (૭) વિરેન્દ્રસિંહ દશરથસિંહ રાઠોડ ઉ.વ-૨૫ રહે- નવદુર્ગા મંદિરની સામે, વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ (૮) જ્યોતિન્દ્રસિંહ ભુપતસિંહ રાઠોડ ઉ.વ-૩૦ રહે- નવદુર્ગા મંદિરની સામે, વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ (૯) જયપાલસિંહ મોહબસિંહ રાઠોડ ઉ.વ-૨૧ રહે- કોઠીવાળુ ફળીયુ,વિંઝોલ ગામ જીઆઈડીસી વટવા અમદાવાદ નાઓને તા:૧૫/૮/૧૭ ના ક:૧૯/૪૫ વાગે પકડેલ છે.તેમજ (૧) રોકડ રકમ રૂ ૨૫,૮૫૦/- (૨) ગંજીપાના નંગ ૫૨ કિં રૂ ૦૦/૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે.

**<u>રામોલ પોલીસ સ્ટેશન :</u>**

## નાસતા - ફરતા ૨ પાસા અટકાયતીને

## ઝડપી પાડતી રામોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની દ્વારા આપવામાં આવેલ અમદાવાદ શહેર વિસ્તારમાં ના પોલીસ સ્ટેશનોમાં શરીર સબંધી/મીલકત સબંધી/પ્રોહી જુગારનની અસામાજીક પ્રવૃતી તથા બનતા ગુન્હાઓ રોકવા સબબ આરોપીઓની વિરુધ્ધમાં અસરકારક કાર્યવાહી કરવા સારુ આપેલ સુચના અનુસાર રાખવામાં આવેલ ઝુંબેશ આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કે.એસ.દવે ના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.શ્રી એચ.બી.બાલીયા તથા સર્વેલન્સ સ્કોડ રામોલ પોલીસ સ્ટેશન ના સ્ટાફના માણસોની સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ ચોક્કસ હીકત આધારે નાસતા-ફરતા પાસા નીચે જણાવેલ અટકાયતી નંબર

(૧)નિખીલેશ રમાકાંત મિશ્રા ઉ.વ.૨૨ રહે.૯૦, સંતોષીનગર, રામરાજયનગર પાસે રામોલ અમદાવાદ શહેર

(૨) અક્ષય @ ભુરીયો રશીકભાઇ પટેલ ઉ.વ.૨૩ ધંધો નોકરી રહેવાસી, મકાન નં.બી/૮૭ કૈલાશ પાર્ક સોસાયટી સુરેલીયા એસ્ટેટની પાસે, રામોલ અમદાવાદ શહેર

નાઓને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમશ નીચે જણાવેલ પાસા હુકમ ક્રમાંક નંબર

(૧) પીસીબી/ડીટીએન/પાસા/૪૫૪/૨૦૧૭ તા.૧૦/૦૭/૨૦૧૭

(૨) પીસીબી/ડીટીએન/પાસા/૫૩૦/૨૦૧૭ તા.૧૪/૦૮/૨૦૧૭ ના હુકમો આધારે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ઘાટાલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, ઘાટાલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.